# મહત્વના સમાચાર !

## શું લાભોનો લાભ લેવાથી મારી ગ્રીન કાર્ડ મેળવવાની કે U.S. નાગરિક બનવાની તકો પર અસર થશે ?

### U.S. નાગરિકતા અને

### વિદેશી વસવાટી (ઇમિગ્રેશન) સેવાઓ જણાવે છે :

| જો તમારી પાસે હજુ સુધી ગ્રીન કાર્ડ ના હોય | |
|---|---|
| **☺ જો તમે, તમારા બાળકો, કે અન્ય કુટુંબીજનો આ સેવાઓનો લાભ લેતા હો  તો તમારી ગ્રીન કાર્ડ મેળવવાની તકો પર તેની કોઇ  અસર થશે નહિં :** | • **આરોગ્ય સંભાળ**, જેમ કે : મેડિકએઇડ, NJ ફેમિલીકૅર, WIC, બાળ જન્મ પહેલાની (પ્રીનેટલ) સંભાળ, અન્ય મફત કે ઓછાં ખર્ચની તબીબી સંભાળ<br>• **ફૂડ (ખાદ્ય પૂરવઠો પૂરો પાડવાને લગતા) કાર્યક્રમો**, જેમ કે : ફૂડ સ્ટેમ્પ્સ, WIC, શાળામાં ભોજન, અને અન્ય ખોરાકી સહાય<br>• **રોકડા નાણાં ન આપતા અન્ય કાર્યક્રમો**, જેમ કે : સાર્વજનિક આવાસ, કોઇ હોનારત વખતે રાહત, બાળ સંભાળ સેવાઓ, નોકરીની તાલીમ, પરિવહન (ટ્રાન્સ્પોર્ટેશન) ને લગતા વાઉચર્સ |
| **☹તમને પાછળથી તમારું ગ્રીન કાર્ડ મેળવવામાં કદાચ તકલીફ પડી શકે છે જો :** | • **તમે, તમારા બાળકો, કે કુટુંબીજનો રોકડ કલ્યાણકારી યોજનાઓનો લાભ લેતા હો**,  જેમ કે : જરૂરિયાતમંદ કુટુંબો માટે હંગામી સહાય (TANF), વધારાની આવકની બાંહેધરી (SSI), સામાન્ય સહાય (GA)<br>• **તમે નર્સિંગ હોમ કે અન્ય લાંબા-ગાળાની સંભાળ મેળવતા હો** જેની ચૂકવણી મેડિકએઇડ કે અન્ય સરકારી ભંડોળથી કરાતી હોય |

# જો તમે અગાઉથી ગ્રીન કાર્ડ ધરાવતા હો

| | |
|---|---|
| ☺ **જો તમે, તમારા બાળકો કે અન્ય કુટુંબીજનો આ સેવાઓનો ઉપયોગ કરતા હો, તો તમે તમારું ગ્રીનકાર્ડ ગુમાવી શકશો નહિં :** | • **મેડિકએઇડ કે NJ ફેમિલીકૅર જેવી આરોગ્ય સંભાળ, ફૂડ કાર્યક્રમો, અને અન્ય બિન-રોકડ સહાયના કાર્યક્રમો**<br>• **રોકડ કલ્યાણકારી યોજના**<br>• **લાંબા-ગાળાની સંભાળ** |
| ☹ **પરંતુ તમને કદાચ કોઇ તકલીફ હોય :** | • જો તમે સતત 6 મહિનાથી વધારે સમયથી U.S. છોડી દો અને તમે રોકડ કલ્યાણકારી યોજનાઓ કે લાંબા-ગાળાની સંભાળનો લાભ લીધો હોય<br>• અથવા અત્યંત અસામાન્ય કિસ્સામાં, જો તમે તમારા U.S. માં પહેલાં 5 વર્ષના રોકાણ દરમ્યાન તમે દેશમાં પ્રવેશ્યા તે પહેલાંથી અસ્તિત્વ ધરાવતા (જેમ કે કોઇ બીમારી કે વિકલાંગતા) હોવાના કારણસર રોકડ કલ્યાણકારી યોજના કે લાંબા-ગાળાની યોજનાનો લાભ લીધો હોય |

# જો તમે શરણાર્થી કે આશ્રિત હો

☺ **તમે** તમારી ગ્રીનકાર્ડ મેળવવાની તકોને અસર પહોંચાડયા વગર, **રોકડ કલ્યાણકારી યોજનાઓ, મેડિકએઇડ કે NJ ફેમિલીકૅર જેવી આરોગ્ય સંભાળ, ફૂડ કાર્યક્રમો, અને બિન-રોકડ સહાયો સહિતની, અન્ય કોઇ લાભોનો લાભ લઇ શકો છો.**

☺ **તમે** રોકડ કલ્યાણકારી યોજનાઓ, મેડિકએઇડ કે NJ ફેમિલીકૅર જેવી આરોગ્ય સંભાળ, ફૂડ કાર્યક્રમો, અને બિન-રોકડ સહાયો સહિતના, **લાભો કાયદેસર મેળવતા હોવાને લીધે તમને U.S. નાગરિકતા આપવાનો ઇનકાર કરી શકાતો નથી.**

# જો તમે તમારા સંબંધીને સ્પોન્સર કરવા ઇચ્છતા હો

☺ **તમે રોકડ કલ્યાણકારી યોજનાઓ, મેડિકએઇડ કે NJ ફેમિલીકૅર જેવી આરોગ્ય સંભાળ, ફૂડ કાર્યક્રમો, અને બિન-રોકડ સહાયો સહિતના લાભોનો લાભ લેતા હો તેને લીધે, તમને તમારા સંબંધીને સ્પોન્સર કરવામાં અટકાવવા ના જોઇએ.** પરંતુ તમારે એ બતાવવાની જરૂર પડશે કે તમે કે તમારા સહાયક-સ્પોન્સર તમારા સંબંધીને ટેકો આપવા પૂરતી આવક કમાઓ છો.

કુટુંબીજનોએ પોતાના બાળકોના આરોગ્ય વીમા માટે અરજી કરતી વખતે તેઓનો પોતાનો સામાજીક સુરક્ષા નંબર પૂરો પાડવાની જરૂર પડતી નથી. અરજીમાં જણાવેલી માહિતી ગુપ્ત રખાય છે અને કોઇ સાથે વહેંચવામાં આવશે નહિં.

NJ FAMILYCARE

**પરવડી શકે તેવો આરોગ્ય વીમો. ગુણવત્તાસભર સંભાળ.**

**1-800-701-0710**

**TTY: 711**